# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) સંસદના બંને ગૃહમાં આજે વક્ફ સુધારા બિલ 2024 સંબંધિત સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરાયો
2) બજેટ સત્રનો પ્રથમ તબક્કો પૂર્ણ થતાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી 10 માર્ચ સુધી સ્થગિત કરાઇ
3) કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં નવું આવક વેરા વિધેયક 2025 રજૂ કર્યું.
4) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું આગામી દિવસોમાં રાષ્ટ્રીય પેન્શન યોજનાઓને એક છત્ર હેઠળ લવાશે.
5) સોશિયલ મીડિયા પર મહાકુંભ વિશે ખોટા સમાચાર ફેલાવનાર સામે ઉત્તર પ્રદેશ પોલીસે કાર્યવાહી કરી
6) 38મી રાષ્ટ્રીય રમતોમાં કાયાકિંગ અને કેનોઇંગ સ્પ્રિન્ટ સ્પર્ધામાં ઓડિશા, ઉત્તરાખંડ અને સર્વિસિસે સુવર્ણ ચંદ્રક જીત્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MANIPUR PRESIDENTIAL RULE

અમને હમણાં જ મળતાં અહેવાલ અનુસાર મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે. આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેરનામું બહાર પાડ્યું છે. રાષ્ટ્રપતિએ રાજ્યપાલના અહેવાલના આધારે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા જ મણિપુરના મુખ્યમંત્રીએ રાજીનામું આપ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# LS-WAQF

આજે સંસદના બંને ગૃહોમાં વક્ફ સુધારા બિલ 2024 સંબંધિત સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. લોકસભામાં સંયુક્ત સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે અહેવાલ રજૂ કર્યો. આ અહેવાલ પર વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો. હોબાળા વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે  જવાબ આપ્યો.

(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય ગૃહ મંત્રી)

લોકસભાની કાર્યવાહી દરમિયાન કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી, ટીએમસી અને અન્ય વિપક્ષી પક્ષોએ રિપોર્ટનો વિરોધ કરતા ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું.

. . . . . . . . . . . . . . .

## REV:LS-RECESS

બજેટ સત્રનો પ્રથમ તબક્કો આજે પૂર્ણ થતાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી 10 માર્ચ સુધી સ્થગિત કરાઇ.

લોકસભામાં, સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સત્રના પ્રથમ તબક્કામાં 112 ટકા ઉત્પાદકતા નોંધાઈ છે. તેમણે ગૃહને માહિતી આપી હતી કે સંસદના સંયુક્ત સત્રમાં ભારતના રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં 177 સભ્યોએ 17 કલાકથી વધુ સમય સુધી ભાગ લીધો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે 170 સભ્યોએ  સામાન્ય બજેટ 2025-26 પર ચર્ચામાં ભાગ લીધો હતો. વક્ફ (સુધારા) બિલ 2024 પર સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. દરમિયાન, રાજ્યસભા પણ મુલતવી રાખવામાં આવી છે અને 10 માર્ચે વિરામ પછી મળશે. સત્રનો પ્રથમ તબક્કો ગયા મહિનાની 31મી તારીખે શરૂ થયો હતો.

. . . . . . . . . . . . . . . .

## LS INCOME TAX BILL

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં નવું આવક વેરા વિધેયક 2025 રજૂ કર્યું. આ વિધેયકનો ઉદ્દેશ્ય આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત અને સુધારવાનો છે. સુશ્રી સીતારમણે કહ્યું કે પ્રસ્તાવિત કાયદામાં, હાલના આવકવેરા કાયદાની તુલનામાં કલમો અને પ્રકરણોની સંખ્યામાં ઘટાડો કરાયો છે અને તેને સરળ બનાવવામાં આવ્યો

છે, જેથી સામાન્ય નાગરિક તેને સરળતાથી સમજી શકે. તેમણે સ્પષ્ટતા કરી કે પ્રસ્તાવિત બિલમાં કલમોની સંખ્યા 536 છે, જ્યારે 1961ના આવકવેરા કાયદામાં 819 કલમો હતી. તેમણે કહ્યું કે પ્રસ્તાવિત કાયદામાં શબ્દોની સંખ્યા હાલના કાયદા કરતા લગભગ અડધી છે.

. . . . . . . . . . . . . . . .

## RS- PENSION

સરકાર આગામી દિવસોમાં વિવિધ રાષ્ટ્રીય પેન્શન યોજનાઓને એકછત્ર હેઠળ લાવવાની યોજના બનાવી રહી છે. રાજ્યસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રોના લોકો માટે ઘણી પેન્શન યોજનાઓ ઉપલબ્ધ છે. આ યોજનાઓમાં અટલ પેન્શન યોજના, પીએમ શ્રમિક મંથન અને પીએમ શ્રમ યોગી મંથનનો સમાવેશ થાય છે. શ્રી માંડવિયાએ જણાવ્યું કે હાલમાં આ યોજનાઓ હેઠળ આશરે 6 કરોડ લોકોને લાભ મળી રહ્યો છે, જેમાં લાભાર્થી અને સરકાર બંનેનો ફાળો સમાન છે.

. . . . . . . . . . . . . . . .

## MAHAKUMBH - POLICE ACTION

હવે મહાકુંભના સમાચાર..

(kumbh music)

પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન લોકોને અફવાઓ અને ખોટી માહિતીથી બચાવવાના પ્રયાસમાં, ઉત્તર પ્રદેશ પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર, સોશિયલ મીડિયા પર મહાકુંભ વિશે ખોટા સમાચાર ફેલાવી રહ્યા છે તેવા એકાઉન્ટ્સ ઓળખીને કાર્યવાહી કરાઇ રહી છે. પ્રસ્તુત છે એક અહેવાલ....

(વોઇસ કાસ્ટ : અભિષેક)

. . . . . . . . . . . . . . .

## MAHAKUMBH SAFAI ABHIYAN

માઘ પૂર્ણિમાના સ્નાન બાદ સંગમ ઘાટની સફાઇને મેળા પ્રશાસને ફરી એકવાર તત્પરતા બતાવતા સફાઇ અભિયાન શરૂ કર્યું. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : આનંદ પાઠક, સંવાદ દાતા )

(KUMBH MUSIC)

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . .

## RS-BUDGET DISCUSSION

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે કેન્દ્રીય બજેટ 2025-26માં કોઈપણ ક્ષેત્રની ફાળવણીમાં ઘટાડો કર્યો નથી.

રાજ્યસભામાં બજેટ પરની ચર્ચાનો જવાબ આપતાં, શ્રીમતી સીતારમણે જણાવ્યું કે બજેટનો ઉદ્દેશ્ય ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા ઉપરાંત વિકાસને વેગ આપવાનો છે. મંત્રીએ કહ્યું કે વિપક્ષના દાવા મુજબ અસરકારક મૂડીખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી. મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં, ભારત હવે ટોચની વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં પાંચમા ક્રમે છે. તેમણે કહ્યું કે આ બજેટ ખૂબ જ મુશ્કેલ સમય અને પડકારો દરમિયાન તૈયાર કરવામાં આવ્યું છે. તેઓએ ઉમેર્યું સરકાર મોંઘવારી પર નિયંત્રણ મેળવવા શક્ય દરેક પ્રયાસ કરી છે.

. . . . . . . . . . . . . .

## UCC COMMITTEE MEET

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ નિવૃત્ત રંજના દેસાઈની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજવામાં આવી હતી.

રાજ્ય માટે પ્રસ્તાવિત UCC ના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે આ બેઠકમાં સમિતિના સભ્યોએ ચર્ચા કરી હતી. સમિતિના અધ્યક્ષ રંજના દેસાઈ અને સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સમિતિએ મહિલાઓ અને બાળકોને સમાન અધિકારો પૂરા પાડવા અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને વ્યક્તિગત કાયદાઓમાં સમાવેશકતા, ન્યાયિક સમાનતા અને એકરૂપતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ સમિતિ પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કરશે તે રાજ્યના ભાવિ કાનૂની માળખાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . . . .

## PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના બે દિવસના પ્રવાસે વોશિંગ્ટન પહોંચ્યા. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને અન્ય અધિકારીઓએ એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. વોશિંગ્ટન પહોંચ્યા પછી સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓ યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા અને ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે આતુર છે. તેમણે કહ્યું કે બંને દેશો તેમના નાગરિકોના હિત અને ઉત્તમ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

. . . . . . . . . . . . . . .

## NATIONAL GAMES

38મી રાષ્ટ્રીય રમતોમાં કાયાકિંગ અને કેનોઇંગ સ્પ્રિન્ટ સ્પર્ધામાં ઓડિશા, ઉત્તરાખંડ અને સર્વિસિસે શાનદાર પ્રદર્શન કર્યું. મહિલાઓની K-4 500 મીટર સ્પર્ધામાં, ઓડિશા ટીમે ગોલ્ડ મેડલ જીત્યો. દરમિયાન મહિલાઓની K-1 500 મીટર સ્પર્ધામાં, ઉત્તરાખંડની ફેરેનબેન સોનિયા દેવીએ પાણીમાં પોતાની ગતિ દર્શાવી અને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો. આ ઉપરાંત પુરુષોની K-4 500 મીટર સ્પર્ધામાં, સર્વિસિસ ટીમે સુવર્ણ ચંદ્રક જીતી પ્રથમ સ્થાન મેળવ્યું.

. . . . . . . . . . . . . . .

# VAISHNAV-AI

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ભારત UPI, આધાર અને ડિજીલોકર જેવા ડિજિટલ જાહેર માળખાગત પગલાં દ્વારા ટેકનોલોજીના લોકશાહીકરણમાં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી વૈષ્ણવે કહ્યું કે પેરિસમાં આયોજિત AI એક્શન કોન્ફરન્સમાં, શ્રી મોદીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે ભારતના વ્યાપક વિઝનને સ્પષ્ટ કર્યું. શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે પ્રધાનમંત્રીનું વિઝન "AI ફોર ગુડ" પર કેન્દ્રિત છે અને સાર્વત્રિક AI ઍક્સેસ સુનિશ્ચિત કરવા માટે સહયોગી વૈશ્વિક શાસન માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતના વ્યૂહાત્મક ફાયદા, મજબૂત IT ઇકોસિસ્ટમ, વિશાળ પ્રતિભા પૂલ અને નવીનતાની સંસ્કૃતિ ભારતને વૈશ્વિક AI લેન્ડસ્કેપમાં એક અનોખું સ્થાન આપે છે.

. . . . . . . . . . . . . . . .

# BANGLADESH: OHCHR REPORT

સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યાલયે કહ્યું કે બાંગ્લાદેશમાં માનવાધિકાર ઉલ્લંઘન ફક્ત અવામી લીગના શાસનકાળ દરમિયાન જ થયું ન હતું, પરંતુ તે વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન પણ થઈ રહ્યું છે. આ તારણ એકતથ્ય-શોધ અહેવાલમાં બહાર આવ્યું છે, જેને બુધવારે યુએન એજન્સી દ્વારા જાહેર કરાયું હતું.

અહેવાલમાં જણાવાયું છે કે પ્રોફેસર મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારે સત્તા સંભાળી ત્યારથી ધાર્મિક અને સ્વદેશી સમુદાયો સામે માનવાધિકાર ઉલ્લંઘન થઈ રહ્યું છે. શેખ હસીનાના નેતૃત્વ હેઠળની અવામી લીગ સરકારે ગયા વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના સામૂહિક વિરોધ પ્રદર્શનો સામે હિંસાનો ઉપયોગ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .